UPSCની તૈયારી માટે IAS સ્ટડી સેન્ટર બનશે

2026-27 બેચ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ; 27 જુલાઈ સુધી ઓનલાઈન અરજી

જનરલ સ્ટડીઝની પ્રવેશ પરીક્ષા બાદ મેરિટ આધારે પસંદગી

સુરતઃ UPSC સહિતની સિવિલ સર્વિસિસ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)ના IAS સ્ટડી સેન્ટરે વર્ષ 2026-27ના નવા બેચ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી છે. જે માટે 27 જુલાઈ સુધી અરજી કરી શકાશે.

પ્રવેશ માટે ઉમેદવાર કોઈપણ માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક હોવો જરૂરી છે. અરજીની તારીખે ઉમેદવારની ઉંમર 20થી 32 વર્ષ વચ્ચે હોવી જોઈએ, જ્યારે અનામત વર્ગના ઉમેદવારોને સરકારના નિયમો મુજબ ઉમરમાં છૂટછાટ મળશે. વિદ્યાર્થીઓની પસંદગી માટે 200 ગુણની જનરલ સ્ટડીઝ આધારિત MCQ પરીક્ષા લેવામાં આવશે. બે કલાકની પરીક્ષામાં કુલ 100 પ્રશ્નો પૂછવામાં આવશે. પ્રશ્નપત્ર ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ રહેશે. ખોટા જવાબ માટે 33 ટકા નેગેટિવ માર્કિંગની જોગવાઈ પણ રાખવામાં આવી છે. પરીક્ષામાં વર્તમાન ઘટનાઓ, ઈતિહાસ, ભૂગોળ, ભારતીય બંધારણ અને શાસન વ્યવસ્થા, અર્થતંત્ર, પર્યાવરણ, સામાન્ય વિજ્ઞાન, તાર્કિક ક્ષમતા તેમજ ધોરણ-10 સ્તરના ગણિત અને ડેટા ઈન્ટરપ્રિટેશન જેવા વિષયો આવરી લેવામાં આવશે. પ્રવેશ પરીક્ષાના મેરીટના આધારે પસંદ થયેલા વિદ્યાર્થીઓને IAS સ્ટડી સેન્ટર ખાતે જનરલ સ્ટડીઝનું નિયમિત માર્ગદર્શન, ટેસ્ટ પ્રેક્ટિસ, મૂલ્યાંકન અને અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી તેઓ UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વધુ અસરકારક રીતે તૈયારી કરી શકે. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 75 ટકા હાજરી ફરજિયાત રહેશે.

19મીએ વાપીમાં 3 કલાકનો મેગા બ્લોક

તેજસ અને કર્ણાવતી સહિત અનેક ટ્રેનો મોડી દોડશે

સુરતઃ પશ્ચિમ રેલવેના વાપી સ્ટેશન પર મશીન સાઈડિંગના કમિશનિંગ કામગીરી માટે આગામી 19 જુલાઈના રોજ 3 કલાકનો નોન-ઈન્ટરલોકિંગ (NI) બ્લોક લેવામાં આવનાર છે. આ સમયગાળા દરમિયાન સિગ્નલિંગ સિસ્ટમ સાથે જોડાયેલા ટેકનિકલ કાર્યો કરવામાં આવશે, જેને કારણે મુંબઈ-અમદાવાદ રૂટની અનેક મેલ, એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોના પરિવહનને અસર થશે.

18 જુલાઈએ લેવાશે પ્રી-બ્લોક

રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્ય કામગીરી પહેલા 18 જુલાઈએ રાત્રે 10:10 થી 10:40 વાગ્યા સુધી બીજો પ્રી-બ્લોક રહેશે. આ પ્રાથમિક કામગીરી પૂર્ણ થયા બાદ 19 જુલાઈએ સવારે 9:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી મુખ્ય નોન-ઇન્ટરલોકિંગ બ્લોક અમલમાં રહેશે, જેમાં મશીન સાઇડિંગનું કમિશનિંગ કામ પૂરું કરાશે.

18 જુલાઈએ મોડી ચાલનારી ટ્રેનો (30થી 50 મિનિટનો વિલંબ)

» મુંબઈ સેન્ટ્રલ - વલસાડ પેસેન્જર » અજમેર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ » અમદાવાદ - બોરીવલી એક્સપ્રેસ » શ્રીગંગાનગર - દાદર એક્સપ્રેસ » ભુજ - દાદર સયાજીનગરી એક્સપ્રેસ » અજમેર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ એક્સપ્રેસ » અમૃતસર - બાંદ્રા ટર્મિનસ પશ્ચિમ એક્સપ્રેસ » બાડમેર - બાંદ્રા ટર્મિનસ હમસફર એક્સપ્રેસ

આ ટ્રેનોના રૂટમાં આંશિક ફેરફાર અને રદબાતલ

» બોરીવલી - વલસાડ મેમૂ: આ ટ્રેન ભિલાડ સ્ટેશન સુધી જ ચાલશે અને ભિલાડથી વલસાડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

» દહાણુ રોડ - વડોદરા એક્સપ્રેસઃ આ ટ્રેન દહાણુ રોડના બદલે વલસાડ સ્ટેશનથી જ ઉપડશે.

» વડોદરા - દહાણુ રોડ એક્સપ્રેસઃ આ ટ્રેન વડોદરાથી ઉપડીને વલસાડ સુધી જ જશે, એટલે કે વલસાડથી દહાણુ રોડ વચ્ચે બંધ રહેશે.

19 જુલાઈએ આ મુખ્ય ટ્રેનોને રેગ્યુલેટ (મોડી) કરાશે

» બાંદ્રા ટર્મિનસ - સુરત સુપરફાસ્ટ એક્સપ્રેસ » અમદાવાદ » બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ » અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ IRCTC તેજસ એક્સપ્રેસ » ગુજરાત એક્સપ્રેસ

આજે સુરત જિ.પં.ની સમિતિના અધ્યક્ષો પદભાર સંભાળશે

પ્રથમ સામાન્ય સભામાં થયેલી નિમણૂકો બાદ તમામ સમિતિઓની કામગીરીનો સત્તાવાર પ્રારંભ થશે

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં વિવિધ સ્થાયી સમિતિઓના અધ્યક્ષોની કરાયેલી નિમણૂકો બાદ તમામ નવનિયુક્ત અધ્યક્ષો આજે સત્તાવાર રીતે પદભાર સંભાળશે. નવા અધ્યક્ષોના કાર્યભાર સંભાળતા જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની કામગીરીને વધુ ગતિ મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદીના નેતૃત્વ હેઠળ આગામી પાંચ વર્ષ દરમિયાન રોડ-રસ્તા, પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્ય, રોજગારી અને ખેડૂતોના હિતના પ્રશ્નોને પ્રાથમિકતા આપવામાં આવશે. નવા અધ્યક્ષો પોતાની સમિતિઓના વિકાસલક્ષી કાર્યોને અસરકારક રીતે આગળ વધારવા માટે કાર્ય શરૂ કરશે. કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે બ્રીજેશ પટેલ, જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષ તરીકે નૈષધ રાઠોડ, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ તરીકે નિરવ લાડ, શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે હાર્દિક પટેલ, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે હેમંત પટેલ, ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ તરીકે સુનિતા વસાવા, મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિઓ સમિતિના અધ્યક્ષ તરીકે જ્યોતિ ચૌધરી, હળપતિ અને ખેત મજૂરીના ગૃહ નિર્માણ સમિતિના અધ્યક્ષ તરીકે અરવિંદ રાઠોડ તેમજ અપીલ સમિતિના અધ્યક્ષ તરીકે સમીર મોદી આજે સત્તાવાર રીતે પદભાર સંભાળશે.

આ સમિતિના અધ્યક્ષો આજે પદભાર સંભાળશે

» કારોબારી સમિતિઃ બ્રીજેશ પટેલ
» જાહેર આરોગ્ય સમિતિઃ નૈષધ રાઠોડ
» જાહેર બાંધકામ સમિતિઃ નિરવ લાડ
» શિક્ષણ સમિતિઃ હાર્દિક પટેલ
» સામાજિક ન્યાય સમિતિઃ હેમંત પટેલ
» ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિઃ સુનિતા વસાવા
» મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિઓ સમિતિઃ જ્યોતિ ચૌધરી
» હળપતિ અને ખેત મજૂરીના ગૃહ નિર્માણ સમિતિઃ અરવિંદ રાઠોડ
» અપીલ સમિતિઃ સમીર મોદી

સુમુલ ડેરીની 9 બેઠકની આજે મત ગણતરી યોજાશે

ભાજપના 5 બળવાખોર કોનું સમીકરણ બગાડશે તેના પર નજર રહેશે ?

સુરતઃ સુમુલ ડેરીની વ્યવસ્થાપક સમિતિની બાકી રહેલી 9 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીની મતગણતરી આજે શુક્રવારે યોજાશે.

15 જુલાઈએ યોજાયેલી ચૂંટણીમાં કુલ 9 બેઠકો માટે 23 ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો હતો. કુલ 704 માન્ય મતદારોમાંથી 703 મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. 8 બેઠકો પર 100 ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે ઉમરપાડા બેઠક પર 60માંથી 59 મતદારો મતદાન માટે પહોંચ્યા હતા. મતદાન પૂર્ણ થયા બાદ તમામ મતપેટીઓને ચૂંટણી અધિકારીઓની દેખરેખ હેઠળ સુમુલ ડેરીના સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષિત રીતે સીલ કરી રાખવામાં આવી હતી.

પાંચ વર્ષની મુદત માટે યોજાયેલી આ ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલ, કોંગ્રેસ પ્રેરિત પશુપાલક હિતરક્ષક પેનલ તેમજ ભાજપના બળવાખોર ઉમેદવારો વચ્ચે રસપ્રદ મુકાબલો જોવા મળ્યો હતો. ઓલપાડ, માંડવી, ઉમરપાડા, નિઝર, ડોલવણ અને વ્યારા બેઠકો પર એક સામે એક ઉમેદવારની સીધી ટક્કર રહી હતી, જ્યારે કુકરમુંડા બેઠક પર ત્રિકોણીય અને મહુવા તથા સોનગઢ બેઠકો પર ચતુષ્કોણીય જંગ સર્જાયો હતો. સુમુલ ડેરીની કુલ 16 બેઠકોમાંથી ભાજપ પ્રેરિત ઉમેદવારો અગાઉથી જ 7 બેઠકો પર બિનહરીફ ચૂંટાઈ આવતા સત્તાધારી પેનલે બહુમતીનો આંકડો મતદાન પહેલાં જ હાંસલ કરી લીધો હતો. ધારાસભ્ય સંદીપ દેસાઈ, રાજેશ (રાજુભાઈ) પાઠક, બળવંત પટેલ, ભરતસિંહ સોલંકી, અજીત પટેલ, જાલમસિંહ વસાવા અને રાજકુમાર આહિર બિનહરીફ ચૂંટાયા હતા. પરિણામે હવે બાકી રહેલી 9 બેઠકોના પરિણામો મુખ્યત્વે બળવાખોર ઉમેદવારોના પ્રભાવ અને રાજકીય સમીકરણોનું ચિત્ર સ્પષ્ટ કરશે.

ખેડૂતો અને જમીનધારકો માટે મોટા રાહતના સમાચાર

31 માર્ચ-2026 સુધીના ગેરકાયદે જમીનના ટુકડા નિયમિત થશે

ગુજરાત સરકારે જમીન ટુકડા અટકાવ કાયદામાં કર્યો મહત્ત્વનો સુધારો

હજારો પડતર કેસો થશે આપોઆપ રદ

સુરતઃ ગુજરાત સરકારે ખેતીની જમીન સંબંધિત વર્ષોથી ચાલી આવતી કાનૂની મુશ્કેલીઓ દૂર કરવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે આ માટે મહત્વપૂર્ણ વટહુકમ બહાર પાડી 1947ના મૂળ કાયદામાં મહત્વના સુધારા કર્યા છે. આ સુધારાથી વર્ષો પહેલા નિયમોના ભંગ સાથે થયેલા જમીનના ટુકડા અને તબદીલીને હવે કોઈપણ દંડ કે પ્રીમિયમ લીધા વિના નિયમિત ગણવામાં આવશે.

રાજ્યપાલ દ્વારા આજરોજ વટહુકમ દ્વારા આ સુધારો અમલમાં મૂક્યો છે. ગુજરાતમાં ઝડપથી વધી રહેલા શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને વિવિધ ડેવલપમેન્ટ પ્લાનના કારણે અગાઉ ખેતીની જમીન તરીકે નોંધાયેલી અનેક જમીનો હવે રહેણાંક, વાણિજ્યિક અથવા ઔદ્યોગિક ઝોનમાં આવી ગઈ છે. આવી જમીનોમાં વર્ષો પહેલા થયેલા ભાગલા કે વેચાણ કાયદાની જોગવાઈઓને અનુરૂપ ન હોવાથી હજારો જમીનધારકોને બિન-ખેતી (NA) પરવાનગી મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ જ સમસ્યાના કાયમી ઉકેલ માટે રાજ્ય સરકારે કાયદામાં સુધારો કર્યો હોવાનું માનવામાં આવે છે. વટહુકમ હેઠળ કરવામાં આવેલ સૌથી મહત્વપૂર્ણ સુધારો કલમ-૯માં કરવામાં આવ્યો છે. તે મુજબ 29 જાન્યુઆરી, 1948થી 31 માર્ચ, 2026 સુધીના સમયગાળા દરમિયાન કાયદાની જોગવાઈઓના ઉલ્લંઘન સાથે થયેલી જમીનની તમામ તબદીલી અથવા ભાગલા હવે આપોઆપ નિયમિત ગણાશે. સૌથી મહત્વની વાત એ છે કે આ નિયમિતકરણ માટે જમીનધારક પાસેથી કોઈપણ પ્રકારનો દંડ, પ્રીમિયમ કે વધારાની રકમ વસૂલવામાં આવશે નહીં. આ ઉપરાંત આવા વ્યવહારોને લઈને કલેક્ટર, પ્રાંત અધિકારી અથવા અન્ય સત્તાધિકારીઓ સમક્ષ ચાલતી તમામ કાનૂની કાર્યવાહી પણ આપોઆપ સમાપ્ત થઈ જશે.

લાંબા કાનૂની અડચણો દૂર કરી જમીન ધારકોને રાહત મળશે

સિનિયર એડવોકેટ પ્રણવ ઉપાધ્યાયના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક વર્ષોમાં શહેરોના વિસ્તરણ અને ડેવલપમેન્ટ પ્લાનની કારણે ખેતીની થઈ ગયેલી જમીનોની ઉપયોગ બદલાયો છે. વર્ષો પહેલા કાયદાના ઉલ્લંઘન સાથે થયેલા જમીનના ભાગલા અને તબદીલીના કારણે જમીનધારકોને બિન-ખેતી (NA) પરવાનગી, વિકાસની મંજૂરી તેમજ અન્ય સરકારી પ્રક્રિયામાં મુશ્કેલીઓ ઊભી થતી હતી. તેમના જણાવ્યા અનુસાર સરકારની આ સુધારી આવી લાંબા સમયથી ચાલતી કાનૂની અડચણો દૂર કરશે અને હજારો જમીનધારકોને મોટી રાહત મળશે.

'હું આપઘાત કરું છું, એમાં જિમ્મેદાર હું પોતે છું'

સુરતઃ હું આપઘાત કરું છું, એમાં જિમ્મેદાર હું પોતે છું, જેવી સ્યુસાઈડ નોટ લખીને ઈચ્છાપોરમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ પશ્ચિમ બંગાળ હુંગલીના વતની 21 વર્ષીય રાજેશ બંસી રોય હાલમાં ઈચ્છાપોર ખાતે આવેલા ગાંધી ચોક પાસે રહેતો હતો અને ભાટપોર ખાતે દાગીના બનાવવાના કારખાનામાં નોકરી કરતો હતો. બુધવારે સાંજે રાજેશે ઘરમાં ગેસ લાઈનના પાઈપ સાથે ગમછો બાંધીને ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. રાજેશે લાલ બોલ પેનથી સ્યુસાઈડ નોટ લખી હતી કે, હું મરું છું, એમાં જીમ્મેદાર હું પોતે છું, બીજા કોઈ જવાબદાર નથી, એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોકે તેણે માનસિક તકલીફ હોવાથી આ પગલું ભર્યું હોવાની શક્યતા છે. બીજા બનાવમાં, ગોડાદરા વિસ્તારમાં આવેલ કેસર ભવાની સોસાયટીમાં 90 વર્ષીય રેણુબેન ખંડુભાઈ કપૂરે, એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. બુધવારે સવારે રેણુબેને ઘરમાં એસિડ પી ગયા હતા. જેથી તેમને સારવાર માટે પરિવારજનો 108 એમ્બ્યુલન્સમાં સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન બુધવારે રાત્રે તેમનું મોત નીપજ્યું હતું.

યુવતી પર દુષ્કર્મ કરી ૪૫ લાખની ઠગાઈમાં આગોતરા નામંજૂર

સુરતઃ લગ્ન કરવાની લાલચ આપી યુવતી સાથે શારીરિક સંબંધ બાંધી રૂ. ૪૫ લાખ પડાવી ન્યૂડ ફોટા વાયરલ કરવાની ધમકી અને ગર્ભપાત કરાવવાના ગુનાનો આરોપી મયૂરભાઈ વાઘજી બગડાની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આ બનાવની ફરિયાદ અમરોલી પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. આરોપીએ આ કેસમાં ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. બચાવ પક્ષે દલીલ કરી હતી કે ફરિયાદ લગભગ દોઢ વર્ષના વિલંબ બાદ નોંધાઈ છે, બંને વચ્ચે મિત્રતાના સંબંધો હતા અને ફરિયાદીના આક્ષેપો ખોટા છે. જ્યારે સરકાર પક્ષે અરજીનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે આરોપીએ લગ્નની આડમાં ફરિયાદીનું આર્થિક અને શારીરિક શોષણ કર્યું છે. પીડિતાના નગ્ન (અશ્લીલ) ફોટા લીધા હતા અને તેને વાયરલ કરવાની ધમકી આપી હતી તેમજ પીડિતાને તે રકમ પરત કરી ન હતી અને આરોપીની પત્નીએ પીડિતાને ગાળો આપી હતી.

નશામાં ધૂત કારચાલકે ડિવાઈડર કુદાવી બે કારનો કચ્ચરઘાણ વાળ્યો

લજામણી ચાર રસ્તા પાસે મોડી રાત્રે અકસ્માત સર્જાયો, સ્થાનિકોએ ચાલકને ઝડપી પોલીસને સોંપ્યો

સુરતઃ શહેરમાં નશાની હાલતમાં વાહન હંકારતા ચાલકોનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. લજામણી ચાર રસ્તા નજીક સનરાઈઝ કોમ્પ્લેક્સ પાછળ મોડી રાત્રે દારૂના નશામાં ધૂત કારચાલકે બેફામ કાર હંકારી ડિવાઈડર સાથે અથડાયા બાદ ડિવાઈડર કૂદાવી રસ્તા પર ઊભેલી બે કારને ટક્કર મારતાં અંદાજે રૂ.70 હજારનું નુકસાન થયું હતું. સ્થાનિકોએ નશાખોર ચાલકને ઝડપી ઉત્રાણ પોલીસને સોંપી દીધો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, વાલક પાટિયા લસકાણા ખાતે બ્લુ સ્ટાર ઓટોમોટિવ નામનું ગેરેજ ચલાવતા આશિષભાઈ પ્રવિણભાઈ ધાકેચાએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના ગ્રાહક મુકેશભાઈ માલાણીની ગ્રાન્ડ આઈ-10 કાર રાત્રે આશરે 11.30 વાગ્યે સનરાઈઝ કોમ્પ્લેક્સ પાછળ કાર ફરી બંધ થઈ જતાં તેઓ ટૂલ્સ કાઢી રહ્યા હતા. તે દરમિયાન સફેદ રંગની કાર (નં. GJ 15 CP 6625)નો ચાલક પૂરઝડપે આવી પહેલા ડિવાઈડર સાથે અથડાયો હતો. ત્યારબાદ કાર ડિવાઈડર કૂદાવી સીધી ગ્રાન્ડ આઈ-10 સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કરની અસરથી ગ્રાન્ડ આઈ-10 આગળ ઊભેલી બ્રેઝા કાર સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બંને કારને મળી અંદાજે રૂ.70 હજારનું નુકસાન થયું હતું. અકસ્માત બાદ કારમાં સવાર બે વ્યક્તિએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સ્થાનિક લોકોએ ડ્રાઈવર સીટ પરથી ઉતરેલા ચાલકને ઝડપી લીધો હતો, જ્યારે તેનો સાથી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. પકડાયેલો ચાલક એટલો નશામાં હતો કે તે યોગ્ય રીતે ઊભો પણ રહી શકતો નહોતો અને પોતાનું નામ સાગર જયંતિભાઈ તાળા હોવાનું કહી રહ્યો હતો. પોલીસને કારમાંથી દારૂ પીવાના ગ્લાસ પણ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

મધ્યપૂર્વની સ્થિતિ સુધરતા જ સુરત-દુબઈ ફ્લાઈટ પુનઃ શરૂ

5 ઓગસ્ટથી ઇન્ડિગો ફરી શરૂ સેવા કરશે, ફ્લાઇટ અઠવાડિયામાં ત્રણ દિવસ ઊડશે

સુરતઃ અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ મધ્યપૂર્વમાં સર્જાયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે દુબઈ સહિતના ખાડી દેશોના હવાઈ પરિવહન પર વ્યાપક અસર પડી હતી.

સુરક્ષા કારણોસર યુએઈ સરકારે દુબઈ એરપોર્ટ પર આવતી અનેક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોની સંખ્યા મર્યાદિત કરી હતી. બીજી તરફ એર ફ્યુઅલના ભાવમાં થયેલા વધારાને કારણે ઈન્ડિગો એરલાઈન્સે સુરત-દુબઈ-સુરતની પોતાની સીધી ફ્લાઈટ પણ સ્થગિત કરી હતી.

હવે પરિસ્થિતિમાં સુધારો થતાં ઈન્ડિગો એરલાઈન્સે સુરત-દુબઈ રૂટ પર ફરીથી સેવા શરૂ કરવાનો નિર્ણય લીધો છે. એરલાઈન્સ દ્વારા ટ્રાવેલ પાર્ટનરોને મોકલાયેલા સંદેશા મુજબ 5 ઓગસ્ટ, 2026થી સુરત-દુબઈ-સુરત ફ્લાઈટ ફરી શરૂ થશે.

નવી સમયસૂચિ મુજબ ફ્લાઈટ નંબર 6E-1507 સવારે 9:35 કલાકે સુરતથી રવાના થઈ દુબઈમાં સ્થાનિક સમય મુજબ 10:55 કલાકે પહોંચશે, જ્યારે ફ્લાઈટ નંબર 6E-1508 બપોરે 12:55 કલાકે દુબઈથી ઉપડી સાંજે 5:30 કલાકે સુરત પહોંચશે. આ સેવા બુધવાર, શુક્રવાર અને રવિવારે ઉપલબ્ધ રહેશે.

દુબઈ- સુરત ફ્લાઇટ શિડ્યુઅલ

સુરતથી પ્રસ્થાનઃ સવારે 9:35
દુબઈ પહોંચવાનો સમયઃ 10:55 (સ્થાનિક સમય)
દુબઈથી પ્રસ્થાનઃ બપોરે 12:55
સુરત આગમનઃ સાંજે 5:30

ઉધનાની વૃદ્ધાને બદલે ડમી ઊભી કરી કરોડોની જમીન પચાવી પાડી

એક જ પ્લોટના સાત ટુકડા કરી અલગ અલગ વ્યક્તિને વેચી દીધા

સુરતઃ પાલી ગામ ખાતે લેન્ડ માફિયાઓએ એક મૃતક વૃદ્ધાના નામે નકલી અને બોગસ મહિલા ઊભી કરી, કૂટ રચિત દસ્તાવેજો તેમજ બનાવટી સરકારી પુરાવાઓનો ઉપયોગ કરી ભવાનીનગર સોસાયટીના સાત કિંમતી પ્લોટો પોતાના નામે કરાવી લીધા હતા. ઉધના મહાદેવ ફળિયામાં રહેતા અને ચાની જનરલ દુકાન ચલાવતા જયેશ ઈશ્વરલાલ મોદી (ઉ.વ. ૬૨) ના માતૃશ્રી વિરૂમતિબેન મોદીએ વર્ષ ૧૯૯૪માં મોજે ગામ-પાલી, રેવન્યુ સર્વે નંબર-૬૪, બ્લોક નંબરમાં 7 પ્લોટ વેચાણ દસ્તાવેજથી ખરીદ્યા હતાં. તેમના અવસાન બાદ તેમના વસીયતનામા (વીલ)ના આધારે તેમના પુત્ર જયેશભાઈ આ તમામ પ્લોટોના કાયદેસરના માલિક બન્યા હતા.આજથી છ માસ પહેલાં જયેશભાઈ એસ.એમ.સી.ઓફિસ કનકપુર સચીન ખાતે પોતાની માતાના નામની વારસાઈ નોંધ કરાવવા ગયા હતા. ત્યાં તપાસ કરતા અધિકારીઓએ જણાવ્યું કે આ પ્લોટો અજીત ચંદ્રપાલ સિંઘ અને યોગેશ ચંદ્રપાલ સિંઘના નામે રજિસ્ટર્ડ થઈ ચૂક્યા છે.

ખોટું આધારકાર્ડ અને ડમી મહિલા ઊભી કરી

જમીન પચાવી પાડવાના આ ખેલમાં મુખ્ય સૂત્રધાર એવા આરોપી અજીત ચંદ્રપાલ સિંઘ અને યોગેશ ચંદ્રપાલ સિંઘે જયેશભાઈના માતા વિરૂમતિબેન મોદીના નામની એક તદ્દન અજાણી બોગસ મહિલાને સબ-રજીસ્ટ્રાર કચેરીમાં ઊભી કરી દીધી હતી. એટલું જ નહીં, કૌભાંડીઓએ આ ડમી મહિલાનું એક બોગસ આધારકાર્ડ પણ બનાવ્યું હતું. મૂળ વિરૂમતિબેનનો જન્મ ૧૯૩૬નો હતો, જ્યારે બોગસ આધારકાર્ડમાં જન્મતારીખ ૧૯૭૦ દર્શાવવામાં આવી હતી અને ફોટો પણ અલગ હતો.

આરોપીઓ

(1) વીરૂમતિબેન ઇશ્વરલાલ મોદી તરીકે હાજર રહેલ બનાવટી વ્યક્તિ તથા બનાવટી દસ્તાવેજ બનાવનાર, (2) અજીત ચંદ્રપાલ સિંઘ (રહે. 79, શિવપાર્ક સોસા., ગોડાદરા નહેર, ગોડાદરા, સુરત), (3) યોગેશ ચંદ્રપાલ સિંઘ (રહે. 79, શિવપાર્ક સોસા., ગોડાદરા નહેર, ગોડાદરા, સુરત), (4) અર્જુન માધુ ખેરે (રહે. 41-એ, રામેશ્વર નગર, આંજણા, સુરત), (5) સતિષ સુર્યકાંત ડૂમસવાલા (રહે. 4/3880, બેગમપુરા, સુરત) અને (6) રામસાગર મોહન મોર્યા (રહે. ડીંડોલી, સુરત).

ઓડિશાથી સુરત ગાંજાનો પર્દાફાશ કરતી SOG

સુરત રેલવે સ્ટેશન પરથી ૨૧ કિલોથી વધુના ગાંજા સાથે મહિલા સહિત 3 ઓડિશાના ખેપિયા ઝડપાયા

સુરતઃ SOGએ ઓડિશાથી સપ્લાય થતાં ગાંજાના નેટવર્કનો પર્દાફાસ કર્યો છે. એસ.ઓ.જી.શાખાના આઈપીએસ રાજદીપસિંહ નકુમે માહિતી આપતા જણાવ્યું હતું કે સટાફના એ.એસ. આઈ. હિતેષસિંહ દિલીપસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે રેલ્વે સ્ટેશન ઇન ગેટ પાસે વોચ ગોઠવવામાં આવી હતી.આ દરમ્યાન શંકાસ્પદ હાલતમાં મળી આવેલા ત્રણ આરોપીઓની ઝડતી લેતા તેમની પાસેથી કુલ ૨૧ કિલો અને ૪૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત આશરે રૂ. ૧૦,૫૨,૦૦૦/- જેટલી થાય છે. પોલીસે નબઘન રામચંદ્ર પાહન (ઉ.વ. ૨૪,ધંધો. ડી.જે. રહે.ગામ-ખલીકોટ, સાબરકોલોની, વોર્ડ નં.૦૫, થાના-ખલીકોટ જી.ગંજામ ઓડીશા તથા શ્રીરામ નગર, કાપોદ્રા સુરત) તેની પાસેથી ૮ કિલો ૩૦ ગ્રામ ગાંજો (કિં. રૂ. ૪,૦૧,૫૦૦/-), એક મોબાઈલ ફોન, રેલ્વે ટિકિટ અને રૂ. ૨૫૦૦/- રોકડા મળી કુલ રૂ. ૪,૧૬,૦૦૦/- નો મુદ્દામાલ મળ્યો છે.સંજય પ્રહલાદ શાહુ (ઉ.વ. ૩૦, ધંધો છુટક મજુરી રહે.ગામ-ધલાપથર,લક્ષ્મી મંડપની પાસે, પંચાયત ઓફીસની સામે. થાના-બેગુનીયા, પોસ્ટ-કલાપથર તા.બેગુનિયા, જી.ખોરડા, ઓડીશા) તેની પાસેથી ૮ કિલો ૧૦ ગ્રામ ગાંજો (કિં. રૂ. ૪,૦૦,૫૦૦/-), મોબાઈલ અને રૂ. ૪૫૦/- રોકડા મળી કુલ રૂ. ૪,૦૧,૪૫૦/-નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. સરસ્વતી ઉર્ફે સંધ્યા રંજન મુની (ઉ.વ. ૩૫, રહે. ગામ- હાથીઓટા થાના-પોલાસરા જી.ગંજામ ઓડીશા તથા પંડાશાહી થાના.કોડલા જી.ગંજામ ઓડીશા) તેની પાસેથી ૫ કિલો ગાંજો (કિં. રૂ. ૨,૫૦,૦૦૦/-) અને મોબાઈલ મળી કુલ રૂ. ૨,૫૪,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

મુખ્યમંત્રીએ પાંચમી વખત પહિંદ વિધિ કરી રથને પ્રસ્થાન કરાવ્યા

સોનાની સાવરણીથી રથની સફાઈ સેવાની પરંપરા નિભાવી મુખ્યમંત્રીએ ભગવાન જગન્નાથજીનો રથ ખેંચ્યો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ કચ્છી માડુઓને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી

અમદાવાદ : આજે અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસ્થાન કરાવતા પૂર્વે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજી અને તેમના રથનું પૂજન-અર્ચન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત પાંચમી વખત ભગવાન જગન્નાથજીના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. ત્યાર બાદ તેમણે ભગવાનના મુખ્ય રથને નગરયાત્રા માટે મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ વિધિમાં ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા.

ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાના પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી, અષાઢી બીજના પાવન અવસરે ભગવાનનાં દર્શન, આરતી અને રથયાત્રાને પ્રસ્થાન કરાવવાનો અવસર મળવાને પોતાનું સદભાગ્ય ગણાવ્યું હતું. તેમણે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા પ્રસંગે રાજ્યના સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતુ કે ભગવાન જગન્નાથજી આજે ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે નગરયાત્રાએ નીકળ્યા છે.

પ્રભુ આજે સામે ચાલીને શ્રમિકો, ગરીબો અને સૌ નાગરિકોને આશીર્વાદ તેમજ દર્શન આપી રહ્યા છે. ભગવાન જગન્નાથજી રાજ્યના સૌ નાગરિકોને ઉત્ત